Gujarati

# TB

# No symptoms, no chance of TB?

## THINK AGAIN!

## કોઇ લક્ષણ નથી, તો ટીબી હોવાનો ભય નથી?

## ફરી વિચારી જુઓ!

તમને ખબર છે કે ટ્યુબરક્યુલોસિસ (ટીબી) તમારા શરીરમાં લાંબા સમય સુધી નિષ્ક્રિય (ઇનેક્ટીવ) રહી શકે?

તેને લેટન્ટ (સુતેલું) ટીબી કહેવાય. તે ઘણું સામાન્ય છે અને તેના કોઇ ચિહ્નો નથી હોતા. એ ગમે ત્યારે સક્રિય (એક્ટીવ) ટીબી બની શકે – અને જો સારવાર ના થાય તો જીવલેણ બની શકે -અને તમારા મિત્રો તેમજ પરિવાર સુધી ફેલાઇ શકે!

જો તમારી ઉંમર 16 થી 35 વરસની હોય અને તમે છેલ્લા 5 વરસમાં કોઇ એવા દેશમાંથી યુકે આવ્યા હોય જ્યાં ટીબીના ફેલાવાનો દર ઘણો ઉંચો હોય તો તમને લેટેન્ટ ટીબીનું સૌથી વધુ જોખમ છે.



જો તે વ્યક્તિ તમે હોય:

- ✓ તો લેટેન્ટ ટીબી માટે તમારૂં એક બ્લડ ટેસ્ટ મારફત જલદી અને સહેલાઇથી થઇ શકે છે
- ✓ તમારી ઇમિગ્રેશન (દેશાગમન) પરિસ્થિતિ ગમે તે હોય પણ સારવાર અને પરિક્ષણ મફત છે
- ✓ તે જ સમયે તમે હેપટાઇટિસ માટેની પણ તપાસ કરાવી શકશો

તમારી મફત ટેસ્ટની એપોઇન્ટમેન્ટ કરવા માટે ટીબી સર્વિસનો સંપર્ક આ નંબર પર કરો

**024 7696 4169**

આ ટેસ્ટીંગ સર્વિસ એ લોકો માટે છે જે **3** મહિનાથી વધુ અથવા કાયમ એવા દેશમાં રહ્યા હોય જ્યાં છેલ્લા **5** વરસોથી ટીબીનો દર ઉંચો હોય. તેમાં આફ્રિકા અને એશિયાના ઘણા દેશોનો સમાવેશ થાય છે.

Coventry City Council

NHS

www.coventry.gov.uk/tb